**અન્ય પછાતવર્ગો/સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટે "ઉન્નતવર્ગ" (Creamy layer) માં સમાવેશ થતો નથી તેવુ પ્રમાણપત્ર આપવા આવક મર્યાદા વધારવા બાબત.**

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: સશપ/૧૧૯૮/મ.૨૩૮/અ
સચિવાલય, ગાંધીનગર
તારીખ :-૨૬-૫-૨૦૦૪

**<u>વંચાણે લીધા:</u>**

(૧) ભારત સરકારના પર્સોનલ, પબ્લિક ગ્રીવન્સ અને પેન્શન મંત્રાલયના તા.૮/૯/૯૩ નું ઓફિસ મેમોરન્ડમ ક્રમાંક: ૫૩૬૦૧૨/૨૨/૯૩ ઈએસટી (એસસીડી).

(૨) ભૂતપૂર્વ સમાજ કલ્યાણ વિભાગનો તા.૧/૧૧/૯૫ નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૧૯૪/ખા.૧૦૯/અ

(૩) ભૂતપૂર્વ સમાજ કલ્યાણ વિભાગનો તા.૬/૨/૯૬ નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૪૯૪/૯૫૯/અ

(૪) ભૂતપૂર્વ સમાજ કલ્યાણ વિભાગનો તા.૨-૧૧-૯૭ નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૪૯૬/૯૪૪/અ

(૫) ભૂતપૂર્વ સમાજ કલ્યાણ વિભાગનો તા.૧૮/૭/૯૮ નો પરિપત્ર ક્રમાંક: સશપ/૧૪૯૭/૧૭૪૫/અ

(૬) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૮/૬/૯૯ નો પરિપત્ર ક્રમાંક:સશપ/૧૪૯૯/મ.૧૫/અ

(૭) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૮/૧૨/૨૦૦૧ નો ઠરાવ ક્રમાંક:સશપ/૧૧૯૮/મ.૨૩૮/અ

(૮) ભારત સરકારના પર્સોનલ પબ્લિક ગ્રીવન્સ અને પેન્શન મંત્રાલયનું તા.૯/૩/૨૦૦૪ નુંઓફિસ મેમોરેન્ડમ ક્રમાંક:૩૬૦૩૩/૩/૨૦૦૪ /ઈએસટી (રેશ)

**<u>ઠરાવ:-</u>**

ભારત સરકારના પર્સોનલ,પબ્લિક ગ્રીવન્સ અને પેન્શન મંત્રાલય (ડીપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેનીગ)ના તા.૮/૯/૧૯૯૩ના ઓફીસ મેમોરેન્ડમ ક્રમાંક: ૫૩૬૦૧૨/૨૨/૯૩/

ઈએસટી (એસસીટી) થી ભારત સરકારની નોકરીઓ, બેન્ક, એલ.આઈ.સી. વગેરેમા ૨૭% અનામતના લાભમાંથી અન્ય પછાત વર્ગો (O.B.C.) પૈકી ઉન્નત વર્ગો (Creamy layer) ને બાકાત રાખવાના જે માપદંડ નક્કી કરેલ તેમાં ક્રમાંકઃ૬ (૩) માં જે વ્યક્તિની સતત છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષની વાર્ષિક આવક વર્ષ દીઠ રૂ.૧.૦૦ લાખ થી વધી જતી હોયતો તેવા કિસ્સાઓનો ઉન્નતવર્ગોમાં સમાવેશ કરવામાં આવતો હતો હવે ભારત સરકારના પર્સોનલ, પબ્લિક ગ્રીવન્સ અને પેન્શન મંત્રાલયના તા.૯/૩/૨૦૦૪ ના ઓફિસ મેમોરન્ડમ ક્રમાંકઃ ૩૬૦૩૩/૨૦૦૪ ઈએસટી (રેશ) થી ભારત સરકારે અન્ય પછાત વર્ગો (O.B.C.) પૈકી ઉન્નત વર્ગો (Creamy layer) નકકી કરવા માટે આવક મર્યાદા રૂ.૧.૦૦ લાખથી વધારી રૂ.૨.૫૦ લાખ કરેલ છે. આથી હવે ભારત સરકાર ધ્વારા જાહેર કરાયેલ રાજયના અન્ય પછાત વર્ગો માટે ભારત સરકારની નોકરીઓ,બેન્ક,એલ.આઈ.સી.માં ૨૭% અનામતના લાભમાંથી ઉન્નતવર્ગો (Creamy layer)ને બાકાત રાખવા રૂ.૧.૦૦ લાખના બદલે રૂ.૨.૫૦ લાખની આવક મર્યાદાનું માપદંડ લાગુ પડે છે જેને અનુલક્ષીને ભારત સરકારે આવાં પ્રમાણપત્ર આપવા માટે જાહેર કરેલ સક્ષમ અધિકારીઓએ ઉન્નત વર્ગ( Creamy layer)નું પ્રમાણપત્ર આપવાનું રહેશે. આ સંદર્ભમાં ભારત સરકારના હુકમોનો અમલ કરવાનો રહેશે.

અન્ય પછાતવર્ગો પૈકી ઉન્નતવર્ગો (Creamy layer) ને બાકાત રાખવા અંગે ભારત સરકારે નકકી કરેલ માપદંડો રાજય સરકારે સ્વીકારેલ છે. અને રાજય સરકારે સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો (S.E.B.C.) પૈકી ઉન્નત વર્ગોને સરકારી સેવાઓમાં અને ઉચ્ચ શિક્ષણ માટે શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશના તબકકે રાખેલી અનામતની જોગવાઈમાંથી બાકાત રાખવામાં આવેલ છે. ભૂતપૂર્વ સમાજ કલ્યાણ વિભાગના તા.૧/૧૧/૯૫ ના ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૧૯૪/ખા.૧૦૯/અ, થી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો પૈકી ઉન્નત વર્ગને બાકાત રાખવા માટેના માપદંડો નકકી કરેલ છે. જો કે તેમ છતાં રાજય સરકારે આ ઠરાવના પરિશિષ્ટમાં ક્રમાંકઃ૬(ક)માં રૂ.૧.૦૦ લાખની આવક મર્યાદાના બદલે રાજયના સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકી ઉન્નતવર્ગ માટેની આવક મર્યાદા આમુખમાં ક્રમાંકઃ જણાવેલ આ વિભાગના તા.૨૮/૧૨/૨૦૦૧ ના ઠરાવથી રૂ.૨.૦૦ લાખ રાખવામાં આવેલ છે. રાજયના સામાજીક અને શૈક્ષણિક પછાતવર્ગો પૈકી ઉન્નતવર્ગ માટેની હાલની રૂ.૨.૦૦ લાખની આવક મર્યાદામાં વધારો કરવા પ્રજાજનો/જ્ઞાતિમંડળો તથા પદાધિકારીઓ તરફથી આવતી રજૂઆતો તથા ભારત સરકારે અન્ય પછાત વર્ગો પૈકી ઉન્નત વર્ગમાંથી બાકાત રાખવા માટે જાહેર કરેલ રૂ.૨.૫૦ લાખની આવક મર્યાદાને ધ્યાનમાં લઈ રાજયના સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગો પૈકી ઉન્નતવર્ગ માટેની આવક મર્યાદા વધારવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે રાજયના સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગો પૈકી રાજય સરકારની નોકરીઓ તથા ઉચ્ચ શિક્ષણ માટે શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ વખતે અનામતનો લાભોમાંથી ઉન્નતવર્ગને બાકાત રાખવા માટે આ

વિભાગના તા.૧/૧૧/૯૫ ના ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૧૯૪/ખા.૭૯/અ ના પરિશિષ્ટ ૬ (ક) માં જણાવેલ રૂા.૧.૦૦ લાખની આવક મર્યાદાના બદલે આ વિભાગના તા.૨૮/૧૨/૨૦૦૧ ના ઠરાવ ક્રમાંકઃસશપ/૧૧૯૮/મ.૨૩૮/અ, થી ઠરાવેલ હાલની રૂા.૨.૦૦ લાખની આવક મર્યાદામાં વધારો કરી રૂા.૨.૫૦ લાખ આવક મર્યાદા કરવામાં આવે છે.આ હુકમોનો અમલ તા.૧-૪-૨૦૦૪ થી કરવાનો રહેશે.

આ સંદર્ભમાં નીચે મુજબ વિશેષ સ્પષ્ટતા કરવામાં આવે છે.

(૧) રૂા.૨.૫૦ લાખની સુધારેલ આવક મર્યાદાનું ધોરણ રાજ્ય સરકારે નકકી કરેલ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગને રાજ્ય સરકારની નોકરીઓમાં તથા ઉચ્ચ શિક્ષણ માટે શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે ૨૭% અનામતના લાભમાંથી ઉન્નત વર્ગને બાકાત રાખવાના માપદંડ તરીકે લાગુ પાડવામાં આવે છે.

(૨) ભારત સરકાર ધ્વારા જાહેર કરાયેલ રાજ્યના અન્ય પછાતવર્ગો પૈકી અનામતના લાભમાંથી ઉન્નતવર્ગોને બાકાત રાખવા રૂા.૨.૫૦ લાખનું સુધારેલ આવક મર્યાદાનું માપદંડ લાગુ પડે છે.

પરિશિષ્ટ -૬(ક) માં જણાવેલ આવક મર્યાદા સિવાયના ઉન્નત વર્ગ અંગેના માપદંડ અને તે સંદર્ભમાં કરાયેલ અન્ય સ્પષ્ટતાઓ અને હુકમો યથાવત રહે છે.

આ હુકમો અનુલક્ષીને રાજ્યના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોને ઉન્નતવર્ગમાં સમાવેશ થતો નથી તેવું પ્રમાણપત્ર આપવા સબંધમાં અધિકૃત કરાયેલ સક્ષમ અધિકારીઓએ આ સુધારો ધ્યાનમાં લેવો અને પ્રમાણપત્ર મેળવવા માટે નિયત નમૂનામાં અરજીપત્રકોમાં રજૂ થયેલ વિગતોના આધારે નિયમોનુસાર જરુરી ચકાસણી બાદ આ સુધારા મુજબ પ્રમાણપત્ર આપવાની કાર્યવાહી કરવા સબંધકર્તા જિલ્લા કલેકટરશ્રીઓએ તેમની હસ્તકના સક્ષમ અધિકારીઓને આ સુધારાનો અમલ થાય તે મુજબ સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ (S.E.B.C. )તથા અન્ય પછાત વર્ગ (O.B.C. ) ના ઉમેદવારોને ઉન્નતવર્ગનું પ્રમાણપત્ર મળી રહે તે જોવું. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાએ આ હુકમોનો યોગ્ય રીતે અમલ થાય તે જોવાની જિલ્લા અધિકારીઓને જરુરી સૂચના અને માર્ગદર્શન પુરુ પાડવું.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.એ.સેવક)
ઉપસચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
માન.મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ. )ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
તમામ મંત્રીશ્રીઓ/રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર – જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ.
સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજય, આ અંગેની જરૂરી અખબારી યાદી પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ.
–સચિવશ્રી, અન્ય પછાત વર્ગો માટેનું પંચ, બંગલા નં.૨૨૮/અ/ખ, સેકટર નં.૧૯, ગાંધીનગર
–રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
– સચિવશ્રી, તકેદારી આયોગ, ગાંધીનગર.
–સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, લાલ દરવાજા,અમદાવાદ.
– સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા મંડળ, અમદાવાદ.
– સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ,૪/૩, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
તમામ જિલ્લા કલેકટરશ્રીઓ (તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
તમામ ખાતાના વડાઓ.
તમામ નાયબ નિયામકશ્રીઓ(વિ.જા.)/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(વિ.જા.)
વિભાગની તમામ શાખાઓ.
સિલેકટ ફાઈલ/સેકશન અધિકારી/ના.સે.અધિ/શાખા સિલેકટ ફાઈલ.

---

– પત્ર દ્વારા.

૧૦૩એપી